## જન્મદિને વધામણી


વિશાલ અશ્વિનકુમાર પારેખ
મો. ૯૧૫૭૦ ૯૪૫૨૦


કેતુલ ભાવેશકુમાર રાજવંશી


જીનલ આશિષ વરિયા
મો. ૯૮૨૪૫ ૯૩૪૨૨


અલકેશ સુખડીયા
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૫


રેની તેજસ પરમાર
મો. ૯૭૨૩૦ ૧૦૭૪૦


કુશાગ્ર પારૂલકુમાર મહેતા
મો. ૮૮૬૬૦૩૩૮૪૩

### 'યુનાઈટેડ વર્લ્ડ' દ્વારા પર્યાવરણ સમસ્યાઓ અંગે સમાજ ચિંતન

# 'હીલ ધ વર્લ્ડ' સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ યોજાયો






ગાંધીનગર, તા. ૨૩

'હિલ ધ વર્લ્ડ' સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ આજે ઉવારસદ ગામે યોજવામાં આવ્યો હતો, જેના અંતે ત્રણ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

'હિલ ધ વર્લ્ડ' - ૨૦૧૫ એ યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિઝાઈન્સની અનોખી ઈન્ટર સ્કૂલ સ્પર્ધા છે, જે શાળા સ્તરેથી જ પર્યાવરણ અંગે જાગૃતિ પેદા કરવાની ઝૂંબેશ છે. આ સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ આજે કર્ણાવતી યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિઝાઈન, કર્ણાવતી નૉલેજ વિલેજ ખાતે યોજવામાં આવ્યો હતો.

અગાઉની ઍડીશન્સની માફક આ રાઉન્ડમાં પણ ૩ સ્તરે રજૂઆતની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓનાં પ્રેઝન્ટેશન અને પ્રિપેરેશન પછી વિદ્યાર્થીઓનાં ઉત્તમ સર્જનને પસંદ કરવામાં આવ્યાં હતાં. જે કૅટેગરીઝ નિયત થઈ હતી, તેમાં 'ગ્રીન' થીમને કેન્દ્રમાં રાખીને થ્રીડી મૉડલ મેકિંગ, વેસ્ટમાંથી બેસ્ટ સર્જન તથા નિબંધ, કવિતા લેખન અને અન્ય સ્કીલ ટેસ્ટનો સમાવેશ કરાયો હતો.

વર્તમાન ઍડીશનને શાળાઓનો બહોળો પ્રતિસાદ સાંપડ્યો હતો. નવતર પ્રકારના કન્સેપ્ટ સાથે કુલ ૧૬૫ ઍન્ટ્રી મળી હતી અને એમાં લેખન કેન્દ્ર સ્થાને હતું. આ સ્પર્ધામાં ધોરણ-૯થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ફિનાલે માટે ૯૭ ઍન્ટ્રી પસંદ કરવામાં આવી હતી અને તેમાંથી ૩ વિજેતાઓ નિયત કરવામાં આવ્યા હતા.

યુનાઈટેડ વર્લ્ડ ગ્રૃપના ડિરેક્ટર રિતેશ હાડાએ જણાવ્યું હતું કે 'વિદ્યાર્થીઓએ જે વિષયો પસંદ કર્યા હતા તેનાથી અમે પ્રભાવિત થયા હતા. એમાં ખૂબ જ ઉત્સાહ પ્રદર્શિત થયો હતો અને પર્યાવરણના પ્રશ્નોમાં ઊંડાણ સુધી જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અમે વિશ્વને લાંબા ગાળા માટે બહેતર બનાવી શકે તેવી બુધ્ધિપ્રચૂર ઉપાયોની શોધમાં હતા. અમારા પ્રયાસો અહીં પૂર્ણ થતા નથી, સમસ્યાના મૂળ સુધી જવાની અમારી યાત્રા ચાલુ રહેશે.'

# ગાંધીનગર જુનિયર ચૅમ્બરની નવી બૉડીનો શપથવિધિ સમારોહ આજે

ગાંધીનગર, તા. ૨૩

જેસીઆઈ, ગાંધીનગરના નવ નિયુક્ત સભ્યોનો શપથવિધિ સમારોહ રવિવારે શહેરમાં યોજવામાં આવ્યો છે.

કેતન ભાવસાર, સાત્વિક ત્રિવેદી અને કેતન નિર્મલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે જુનિયર ચૅમ્બર ઑફ ઈન્ડિયા, ગાંધીનગર એકમનો આ ચોથો વાર્ષિક શપથવિધિ સમારોહ છે. વર્ષ ૨૦૧૬ માટે ગાંધીનગર ચૅપ્ટરના પ્રમુખ તરીકે સુનિલ ગોસ્વામીની નિયુક્તિ કરવામાં આવી છે, તેઓ સાથે તેમની નવ નિયુક્ત ટીમ ગેઝીયા હૉલ, જીઆઈડીસી, સૅક્ટર-૨૫ ખાતે તા. ૨૪ જાન્યુઆરીના રોજ સાંજે ૬.૩૦ કલાકે શપથ ગ્રહણ કરશે.

આ પ્રસંગે આયોજિત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઝોન-૭ના ઝોન પ્રેસીડેન્ટ જયેશ વેગડા, અતિથિ વિશેષ તરીકે ટેસ્લા આર ઍન્ડ ડી ઈન્સ્ટીટ્યુટના મૅનેજિંગ ડિરેક્ટર ડૉ. ઍલ ઍસ શર્મા અને શપથવિધિ અધિકારી તરીકે ઝોન-૭ના વાઈસ પ્રેસીડેન્ટ ચૈતન્ય પટેલ ઉપસ્થિત રહેશે. મુખ્ય વક્તા તરીકે જેસીઆઈ ઈન્ડિયાના વાઈસ પ્રેસીડેન્ટ હાર્દિક કાપડિયા ઉપસ્થિત રહેશે.





પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ અને પોદાર જમ્બો કીડ્સ, ગાંધીનગરનો બીજો વાર્ષિક ઉત્સવ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. 'નવરસ : ધ નાઈન કલર્સ ઑફ હ્યુમન ઈમોશન્સ' નામે આયોજિત આ વાર્ષિક ઉત્સવમાં વિદ્યાર્થીઓએ ડાન્સ, ડ્રામા જેવી વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરીને ઉપસ્થિત વાલીઓ, પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શિક્ષણવિદ્ અને પ્રેમધારા સ્કૂલનાં સ્થાપક આશા પાંડીયન, જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ તથા ઍડમિન ઑફિસર પલક દાણી ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રિન્સિપાલ મધુમિતા ભટ્ટાચાર્ય દ્વારા સુંદર પરફોર્મન્સ પ્રસ્તુત કરનાર સૌ વિદ્યાર્થીઓને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ વાર્ષિકોત્સવ અંતર્ગત અભ્યાસ ઉપરાંત વિવિધ ઈતર પ્રવૃત્તિઓ, નિયમિતતામાં અગ્રેસર વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમ અંતર્ગત શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફનું સન્માન એ આકર્ષક અને શાળાની છાપને સારી રીતે ઉપસાવનાર ઉપક્રમ બની રહ્યો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજની ઍનસીસી કૅડેટ્સ ઍથ્લેટીક્સમાં ઝળકી

ગાંધીનગર, તા. ૨૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે કાર્યરત ઍનસીસી યુનિટની વિદ્યાર્થીનીઓએ ઈન્ટર ગૃપ ઍનસીસી ઍથ્લેટીક્સ નૅશનલ ગૅમ્સમાં ભાગ લઈ મૅડલ્સ પ્રાપ્ત કર્યા હતા.

સિમલીયા, ગોધરા ખાતે આયોજિત આ ગેમ્સ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં ઈનામ પ્રાપ્ત કરી કૅડેટ્સે ઈનામ જીતીને કૉલેજના ગૌરવમાં વધારો કર્યો હતો. ૧૦૦ મીટર રીલે દોડમાં પુષ્પા ચૌધરી, સીતા ચારેલ, પ્રિયંકા ખેર, કાજલ બાવલિયા અને ૨૦૦ મીટર દોડમાં શારદા મીઠાપરાએ ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કર્યો હતો. લાંબી કૂદમાં સીતા ચૌધરીએ બ્રોન્ઝ મૅડલ પ્રાપ્ત કર્યો હતો. સૌ કૅડેટ્સને આચાર્યા ઊર્મિલાબેન ચૌધરી અને ઍનસીસી યુનિટ ઈન-ચાર્જ પ્રા. સોનલ મોદી તેમજ કૉલેજ પરિવાર દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઍરલિફ્ટ
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૨.૧૫, ૩.૧૫,
૬.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૫.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ઍરલિફ્ટ
૨.૩૦, ૭.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
સવારે ૧૦.૦૦
વઝીર
રાત્રે ૧૦.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
રોમાંસ કોમ્પ્લીકેટેડ (ગુજ)
૧.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
સવારે ૧૦.૦૦, ૪.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૨.૧૫, ૭.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૪.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૧.૧૫
ઍરલિફ્ટ
રાત્રે ૯.૩૦

# ઈતિહાસના અગત્યના પ્રકરણ અને આપણી રાષ્ટ્ર પ્રત્યેની સંવેદના પરથી ધૂળ ખંખેરે છે 'ઍરલિફ્ટ'






છેલ્લા બે-ચાર વર્ષોથી હિન્દી ફિલ્મોનું સ્તર બદલાઈ રહ્યું છે. સો કરોડ અને બસ્સો કરોડની કલબમાં જોતરાવા માટેની જેનરની ફિલ્મોની સાથે સાથે કોઈ 'કલબ માટે નહીં પણ 'કલાસ' માટેની ફિલ્મોનું ચલણ પણ વધતું ગયું છે. બોકસ ઑફિસની પરવાહ કર્યા વિના આઉટ ઑફ ધી બોકસ ફિલ્મો બનાવનારા સાહસિકો વધ્યા છે. અક્ષયકુમાર-નિમ્રત કૌર અભિનિત દિગ્દર્શક રાજા ક્રિષ્ન મેનનની ફિલ્મ 'ઑરલિફટ', 'આઉટ ઑફ ધી બોકસ' ફિલ્મ છે. આમ જોવા જઈએ તો આ ફિચર ફિલ્મ કરતાં સત્ય ઘટનાની ડૉક્યુમેન્ટરી ફિલ્મ વિશેષ છે. પરંતુ ખૂબ જ ચિવટપૂર્વકના મેકીંગને કારણે આ હિન્દી ફિલ્મ કોઈ ઈંગ્લિશ ફિલ્મ જોતા હોઈએ એવો જ આભાસ આપે છે.

ફિલ્મ વિષે વાત કરીએ તે પહેલાં સત્ય ઘટના જાણી લેવી-યાદ કરી લેવી જરૂરી છે. વર્ષ ૧૯૯૦માં ઈરાકના સર્વેસર્વા સદ્દામ હુસૈને તા.૧ ઑગસ્ટે કુવૈત પર હુમલો કરી દીધો હતો. તેલના ભંડારો અને તેલ બજારમાં સર્વોપરિતાની આ લડાઈમાં સદ્દામ હુસૈનના ઈરાકી રિપબ્લિકન ગાર્ડે કુવૈત પર આક્રમણ કરીને તબાહી મચાવી દીધી. કુવૈતના શાસકો કુવૈત છોડીને સાઉદી અરેબીયા અને બહેરીન જતા રહ્યા. કુવૈતમાં સ્થાયી થયેલા ૧,૭૦,૦૦૦ ભારતીયો રાતોરાત બેઘર થઈ ગયા. જોકે ભારત સરકારના સદ્દામ સાથેના સારા વલણને કારણે કુવૈતમાં ભારતીયો પર ક્રુર આક્રમણ ન થયા, પરંતુ તેમના માલ-મિલકતો ખલાસ થઈ ગયા. ૧૫ થી ૧૮ વર્ષના લબરમુછીયા ઈરાકી સૈનિકો સામે ભારતીયો સાવ સલામત તો નો'તા જ. ૧,૭૦,૦૦૦ ભારતીયોને કુવૈતથી ભારત આવવું હતું.

કુવૈતમાં તબાહી હતી તે વખતે ભારતના વિદેશમંત્રી આઈ.કે. ગુજરાલ હતા. તેઓ ખાસ ઈરાક ગયા હતા. તેમની ઈરાક મુલાકાત પછી કુવૈતમાં રહેતા ભારતીયોને ભારત લાવવાનો નિર્ણય લેવાયો. એક તરફ પર્સિયન ગલ્ફ વૉર છેડાઈ ગયું હતું. ભારતીય વાયુ સેનાના વિમાનોને ઉડાન માટે કલીયરન્સ મળવાનું શક્ય ન હતું. ત્યારે એર ઈન્ડિયાએ ઈન્ડિયન એરલાઈન્સના સહયોગથી સિવિલ એરલાઈન્સ એટલે કે પ્રવાસી વિમાનો મારફતે ભારતીયોને ભારત લઈ આવવાનું બીડું ઝડપ્યું હતું. તે વખતે એરઈન્ડિયાના દુબઈ સ્થિત રિજિયોનલ ડાયરેકટર માઈકલ મસકારેન્હસે ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી હતી., અને તા.૧૩ ઑગસ્ટ,૧૯૯૦થી તા.૧૧ ઑકટોબર-૧૯૯૦, ૫૯ દિવસમાં ૪૮૮ ફલાઈટ્સ ધ્વારા ૧,૭૦,૦૦૦ ભારતીયોને જોર્ડનના અમ્માન કવીન આલિયા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એર ઈન્ડિયાના વિમાનોમાં મુંબઈના સહારા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સહી સલામત ઉતારવામાં આવ્યા હતા. આટલું લાંબુ અને જોખમી માનવ બચાવ સ્થળાંતરણ માનવીય ઈતિહાસના સૌથી મોટા માનવ બચાવ સ્થળાંતરણ તરીકે ગિનિસ બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડઝમાં નોંધાયેલું છે. આ ઐતિહાસિક સત્ય ઘટના ખૂબ જ નજીકના ભૂતકાળની હોવા છતાં ભારતના-ભારતીયોના મન-હૃદયમાં પ્રભાવક રીતે અંકિત થઈ નથી. દુઃસ્વપ્નોને બહુ યાદ નહીં રાખવાની વિભાવનાવાળા આપણે પણ આ ખૂબ મોટી અને ગંભીર ઘટનાને વિસારે પાડી દીધી છે. કુવૈતમાં એક-એક શ્વાસ માટે સંઘર્ષ કરી ચુકેલા એ ૧,૭૦,૦૦૦ ભારતીયો જેને જીવનભર ન ભૂલી શકે એવી આ ઘટનાને દિગ્દર્શક રાજ ક્રિશ્ન મેનન હિન્દી સિનેમાને પરદે લઈ આવ્યા છે. 'ઑરલિફટ' એ અત્યારે પણ તમામ ભારતીયોના રૂંવાડાં ઉભા કરી દે એવી...શ્વાસ થંભાવી દે એવી 'વૉર થ્રીલર' ફિલ્મ છે, જે ઈતિહાસના આ મહત્વના પ્રકરણ પરથી અને દરેક ભારતીયમાં પડેલી દેશપ્રેમની લાગણી પરથી ધૂળ ખંખેરે છે...!

દિગ્દર્શક રાજા ક્રિશ્ન મેનને જ 'ઑરલિફટ'ની સ્ક્રીપ્ટ લખી છે. જે ચાર વર્ષથી લખાઈને તૈયાર પડી હતી. સો કરોડ અને બસ્સો કરોડ અને પાંચસો કરોડની કલબની પળોજણવાળા પ્રૉડ્યુસરોએ રાજા ક્રિશ્ન મેનનની આ સ્કીપ્ટ હાથમાં પણ ન પકડી. હિતેચ્છુ મિત્રોએ એવી પણ સલાહ આપી કે, આ વિશય પરથી ફિલ્મ બનાવવાનો વિચાર માંડી વાળીને કોઈ ન્યુઝ ચેનલ માટે ૨૦-૨૫ મિનિટની ડૉક્યુમેન્ટરી ફિલ્મ બનાવવી જોઈએ. પરન્તુ રાજા ક્રિશ્ન મેનન માન્યા નહીં; એમના સદ્નસીબે એક ફલાઈટમાં અક્ષયકુમાર સાથે એમનો ભેટો થઈ ગયો. ફલાઈટમાં જ રાજા મેનને અક્ષયકુમારને 'ઑરલિફટ'ની સ્કીપ્ટ સંભળાવી અને 'ખતરોં કે ખિલાડી' અક્ષયકુમાર આ ખતરો અને અખતરો કરવા તૈયાર થઈ ગયા. રોલ માટે તો સંમતિ આપી, એટલું જ નહીં પોતાના પ્રૉડકશન હાઉસ-હરિ ઓમ એન્ટરટેઈનમેન્ટ તરફથી નિર્માણની જવાબદારી પણ લઈ લીધી. ટી-સિરીઝ અને નિખિલ અડવાણી જેવા ભાગીદારો પણ તૈયાર કરી દીધા. પોતાનું મહેનતાણું તો બાજુએ રહ્યું, પોતાના નફામાંથી ૮૦ ટકા ચેરિટીમાં વાપરવાના કમિટમેન્ટ સાથે અક્ષયકુમારે 'ઑરલિફટ'ને લિફટ કરી લીધી.

ખરેખર એકશન સ્ટાર અક્ષયકુમારે 'ઑરલિફટ'ને પોતાના એકલાના ખભા પર 'લિફટ' કરી લીધી છે. દિગ્દર્શક રાજા ક્રિશ્ન મેનને સર્જનાત્મક છૂટછાટ લઈને કુવૈતના ભારતીયોના લીડર તરીકે રણજિત કાત્યાલ-અક્ષયકુમારનો મુખ્ય ભૂમિકામાં રજૂ કર્યો છે. રણજિત કાત્યાલ ભારતીય હોવા છતાં કુવૈતમાં અગ્રણી બીઝનેસમેન હોવાને નાતે કુવૈતી વિશેષ છે. પરંતુ કુવૈતી નેતાઓ જ કુવૈતને નોંધારું છોડીને જતા રહેતા રણજિત કાત્યાલ સહિત તમામ ભારતીયો અસહાય અવસ્થામાં આવી જાય છે. આવા વખતે રણજિત કાત્યાલ માત્ર પોતાની પત્ની નિમ્રત કૌર -અમ્રિતા કાત્યાલ અને દીકરીની ચિંતા કરવાને બદલે ૧,૭૦,૦૦ ભારતીયોની ચિંતા કરે છે, અને તેમને સહીસલામત ભારત લઈ જવાનું અભિયાન આદરે છે.

'ઑરલિફટ' ફિલ્મની શરૂઆત કુવૈત પરના આક્રમણથી જ થાય છે અને ૧૨૫ મિનિટની આ ફિલ્મમાં પછી ભારતીયોનો જીવ બચાવવાનો અને સહીસલામત ભારતભેગા થવાનો સંઘર્ષ જ છે. પરંતુ આ સંઘર્ષ એટલો અસરકારક રીતે દર્શાવાયો છે કે પ્રેક્ષકો પણ કુવૈતમાં યુધ્ધમાં ફસાયેલા ભારતીયો પૈકીના જ એક થઈ જાય છે. સિનેમાગૃહની સીટ પર સલામત બેઠેલા પ્રક્ષકના શ્વાસ પણ અધ્ધર થઈ જાય છે...!!

અક્ષયકુમાર માત્ર એકશનકુમાર જ નથી, એ હવે ઈમોશનલકુમાર પણ છે. 'ઑરલિફટ' ભલે એકશન ફિલ્મ કહેવાય પણ અક્ષયકુમારે આ ફિલ્મને ઈમોશનલ ફિલ્મ બનાવી છે. રણજિત કાત્યાલની ભૂમિકાને અક્ષયકુમારે સુપર્બલી નિભાવી છે. તો 'લન્ચ બૉકસ'ની હિરોઈન નિમ્રત કૌરે પણ તે અન્ય અભિનેત્રીઓની તુલનામાં કંઈક સ્પેશિયલ અને હટકે છે એ સાબિત કરી દીધું છે. નિમ્રત કૌર નિરાશ્રીત કેમ્પમાં ભારતીયો સમક્ષ અક્ષયકુમારની તરફેણમાં ભાષણ આપે છે, આ દશ્યના શૂટીંગ વખતે નિમ્રત કૌરના ભાષણ પછી ઉપસ્થિત તમામ ટોળાંએ સાચ્ચે સાચ્ચ તાળીઓ પાડી હતી...!

સદામની સેનાના કુવૈતના ઈન્ચાર્જ મેજર ખલાફ બીન ઝૈદની ભૂમિકામાં ઈનામુલહક સ્વ.સદાશીવ અમરાપુરકરનું સ્મરણ કરાવી દે છે. ભારતીય વિદેશ મંત્રાલયના સંવેદનશીલ અધિકારી સંજીવ કોહલીના પાત્રમાં કુમુદ મિશ્રા અને કુવૈતમાં ભારતીય મુસ્લિમ ઈબ્રાહીમ દુર્રાનીના પાત્રમાં પુરબ કોહલી નોંધપાત્ર અને પ્રશંસનીય છે.

દિગ્દર્શક રાજા ક્રિશ્ન મેનન 'ઑરલિફટ'ના મુખ્ય કેપ્ટન છે. આ પહેલાં 'બારહ આના' અને 'બસ યું હી' જેવી તદ્દન ફલોપ ફિલ્મો આપી ચુકેલા રાજા ક્રિશ્ન મેનનમાં વિશ્વાસ મુકવાનું ખરેખર ભારતીયો માટે કુવૈતમાં રહેવા જેટલું જ જોખમી હતું. આમ છતાં 'ખતરોં કે ખિલાડી'એ વિશ્વાસ મુકયો અને રાજા ક્રિશ્ન મેનને વિશ્વાસને સાચો સાબિત કરી દીધો છે. પરફેકટ સ્કીન-પ્લે (જે પણ રાજા ક્રિશ્ન મેનને જ લખ્યો છે) અને પરફેકટ દિગ્દર્શનથી રાજા ક્રિશ્ન મેનન હવે 'બસ યું હી' જ ફિલ્મો બનાવનારા નિષ્ફળ દિગ્દર્શકોની યાદીમાંથી પોતાનું નામ કમી કરાવી શકશે. 'ઑરલિફટ' દિગ્દર્શક-લેખક રાજા ક્રિશ્ન મેનનની કારકિર્દીને પણ લિફટ કરશે એમાં શંકા નથી.

અમાન મલિકના સંગીત દિગ્દર્શનમાં કમાલ જેવા કમાલના ગીતકારના અર્થપૂર્ણ શબ્દોને અરિજીતસિંઘ અને તુલસીકુમાર જેવા ગાયકોનો સ્વર મળે પછી " તેનું ઈતના મૈં પ્યાર કરાં, ઈક પલ વીચ સો બાર કરાં, તુ જાવે જે મૈનું છડ કે, મૌત દા ઈન્તઝાર કરાં... કી તેરે લિયે દૂનિયા છોડ દી હૈ, તુજપે હી સાંસ આકે રૂકે, મૈં તુજકો કિતના ચાહતા હું, યે તુ કભી સોચ ના શકે..." જેવું મસ્ત-મસ્ત ગીત ન મળે તો જ નવાઈ!!! બીજા ગીતો પણ બોરીંગ તો નથી જ.

પ્રિયા શેઠની સિનેમેટોગ્રાફી અને હેમન્તી સરકારના ચુસ્ત એડીટીંગને કારણે 'ઑરલિફટ' પ્રેક્ષણીય અને વાસ્તવિક બની છે. ખરેખર કયાંક-કયાંક તો આ ફિલ્મ શૂટીંગ નહીં પરન્તુ રિયલ વિઝયુઅલ હોવાનો આભાસ કરાવે છે.

'ઑરલિફટ' ભારતમાં પ્રજાસત્તાક પર્વના અઠવાડિયામાં રિલિઝ થઈ છે એટલે લોકોની અંદર સુષુપ્ત અવસ્થામાં પડી રહેલી દેશભકિત સોશિયલ મિડિયાના માધ્યમથી જવાળામુખીની માફક પ્રગટવામાં છે, ત્યારે ભારતીયતા અને માતૃભૂમિની મહત્તા પ્રસ્તુત કરતી આ ફિલ્મને ચોક્કસ ફાયદો થશે ખરો. ભારતમાં ૧૮૦૦ થી ૨૦૦૦ જેટલા સિનેમાગૃહોમાં રજૂ થયેલી આ ફિલ્મને મિડલ ઈસ્ટમાં પણ સારો પ્રતિભાવ મળવાની સંભાવના હોવાથી નિર્માતાઓએ એક દિવસ અગાઉ, એટલે કે ગુરૂવારે ગલ્ફમાં ૭૦ સિનેમાઘરોમાં રજૂ કરી. પહેલા જ દિવસે અમિરાતમાં 'ઑરલિફટ' ૯ લાખ એ.ઈ.ડીનું રેકોર્ડ બ્રેકીંગ કલેકશન કરી શકી છે. એટલે રિલિઝની સ્ટ્રેટેજી અને ટાઈમીંગને કારણે રૂ.૩૦ કરોડના ખર્ચે તૈયાર થયેલી 'ઑરલિફટ' થોડી એરમાં તો રહેશે...પરન્તુ ૨૫૦૦ જેટલી પ્રિન્ટ સાથે સામે પડેલી 'કયા હૉટ હે હમ' ફિલ્મની હવા ફૂલ કરી શકે છે કે નહીં તે જોવાનું રહે...આઉટ ઑફ ધી બોકસ વિચારવા-જોવા અને જીવવા ટેવાયેલા પ્રેક્ષકોને આ 'રિયલ ફિલ્મ' ગમશે બાકીના માટે 'કયા બેવકુફ હે હમ'ની ત્રીજી આવૃત્તિ રિલિઝ થઈ જ છે!!!

